"મુખ્યમંત્રી માતૃશકિત યોજના" અંતર્ગત વિવિધ વિભાગોના સંકલનથી કામગીરી કરવા બાબત

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0718/B (ICDS)
સચિવાલય, ગાંધીનગર
તા:૧૪/૦૯/૨૦૨૨

**સંદર્ભ:** મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૫/૬/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૨/૦૦૫૩/બ

**આમુખ:**

તંદુરસ્ત માતા જ તંદુરસ્ત બાળકને જન્મ આપે છે. કોઇપણ રાજ્ય કે દેશના વિકાસ માટે રાજ્યનું માનવધન વિકસિત હોવુ ખુબ જરૂરી છે. સંકલિત બાળ વિકાસ યોજનાનો મુખ્ય હેતુ માતા અને બાળકના પોષણ સ્તરમાં સુધાર લાવવાનો છે. મહિલા ગર્ભ ધારણ કરે તે ૨૭૦ દિવસ અને બાળકના જન્મથી ૨ વર્ષ સુધીના ૭૩૦ દિવસ ખૂબજ અગત્યના હોય છે. આ સમયગાળાને ૧૦૦૦ દિવસ "First Window of Opportunity" તરીકે ઓળખાય છે. આ તબક્કા દરમ્યાન તેમના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફેટ તેમજ સુક્ષ્મ પોષકતત્વો પણ ઉપલબ્ધ થાય તે ખુબ અગત્યનું છે. આ બાબતની અગત્યતાને ધ્યાને લઇ પ્રથમ વખતની સગર્ભા મહિલાઓ અને જન્મ થી ૨ વર્ષના બાળકો અને તેની માતાના પોષણ સ્તરમાં સુધારો લાવવા માટે સરકાર દ્વારા પોષણ કીટ (રો- રાશન)માં ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા અને ૧ લીટર ખાદ્યતેલ આપવાનું નક્કી કરેલ છે. આ માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" માટે રૂપિયા ૮૧૧૦૦.૦૦/- લાખની જોગવાઈ કરેલ છે.

સદર યોજનાની અમલવારી મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ અને વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગ તથા N.I.C. ની મદદથી કરવામાં આવનાર છે. આથી યોજનાની અમલવારી માટે સંલગ્ન વિભાગો દ્વારા કરવાની થતી કાર્યવાહી નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

"મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" ના અમલીકરણમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોની કામગીરી નીચે મુજબની રહેશે.

## ૧. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબતોનો વિભાગ: -

(૧) લાભાર્થીઓની નોંધણી મુજબ ચણા, તુવેર દાળ અને ખાદ્યતેલના સ્ટોકનું જરુરીયાત માટે છ માસનું ઇન્ડેન્ટ ICDS દ્વારા ગુજરાત નાગરિક પુરવઠા નિગમને સિસ્ટમ મારફતે મોકલવામાં આવશે.

(૨) જો સિસ્ટમમાં કોઈ ટેકનિકલ ખામી ઉદ્ભવે, તેવા સંજોગોમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ઘટક તેમજ જીલ્લામાંથી ઓનલાઈન ડિમાન્ડ મંગાવવામાં આવશે અને તેને સંકલિત કરી સ્ટોકનું ઇન્ડેન્ટ ગુજરાત નાગરિક પુરવઠા નિગમને સિસ્ટમ મારફતે મોકલવાનું રહેશે.

(3) અન્ન, નાગરિક પુરવઠા વિભાગ હેઠળના ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ દ્વારા છ માસના જથ્થા મુજબ ખરીદી કરી ગુણવત્તા ચકાસી સમયસર ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ અને ૧ લિટર ખાદ્યતેલને દર મહિને ઇન્ડેન્ટ મુજબ સસ્તા અનાજની દુકાને સમયસર એકસાથે પહોંચે તે માટેની તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ અને ૧ લિટર ખાદ્યતેલનો લાભાર્થી મુજબનો જથ્થો આંગણવાડી કાર્યકરને બાયોમેટ્રિક પદ્ધતિથી સસ્તા અનાજની દુકાનથી ઓનલાઈન સિસ્ટમથી ઉપાડ કરવાનો રહેશે.

(૫) જીલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ જેવા કે જીલ્લા પુરવઠા અધિકારી/જીલ્લા પુરવઠા મેનેજર અને પુરવઠા મામલતદાર દ્વારા સરળતાથી અને વિના વિક્ષેપ એફ.પી.એસ. સેન્ટર દ્વારા આંગણવાડી કાર્યકરને જથ્થાનું વિતરણ થાય તે અંગે દેખરેખ રાખશે.

(૬) ICDS ની જરૂરીયાત મુજબનો જથ્થો નાગરિક પુરવઠા નિગમ દ્વારા ખરીદવામાં આવતો હોવાથી દર માસે ૧૫ મી તારીખ સુધીમાં આવનાર મહિનાની જરૂરીયાતની Permit ICDS દ્વારા નિગમને મોકલી આપવાની રહેશે.

(૭) વ્યાજબી ભાવની દુકાનેથી જથ્થો ચકાસણી કરીને સ્વીકારવાનો રહેશે. એક વખત જથ્થો સ્વીકાર્યા બાદ જથ્થાની સાચવણી તથા ગુણવત્તા સંબંધિત જવાબદારી આંગણવાડી કાર્યકરની રહેશે.

## ૨. મહિલા અને બાળ વિકાસ વિભાગ

(૧) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને National Informatics Centre (N.I.C.) ની મદદથી "મુખ્યમંત્રી માતૃશકિત યોજના" માટે સોફ્ટવેર ડેવલપ કરવાનું રહેશે. તેમજ સોફ્ટવેર ડેવલપમેન્ટની કામગીરી માટે જરૂરી તમામ આનુષાંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) રાજ્યની તમામ આંગણવાડીઓના માધ્યમથી લાયકાત ધરાવતા લાભાર્થીઓની ઓળખ કરી સોફ્ટવેરમાં એન્ટ્રી કરવાની રહેશે.

(3) આંગણવાડી કાર્યકરે યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થી મુજબનો જથ્થો બાયોમેટ્રિક પદ્ધતિથી સસ્તા અનાજની દુકાનથી ઓનલાઈન સિસ્ટમ મારફતે ઉપાડ કરવાનો રહેશે.

(૪) આંગણવાડી કાર્યકર દ્વારા પોષણ કીટનું વિતરણ નક્કી કરેલ દિવસે કરવાનું રહેશે. લાભાર્થીઓને કોમોડિટીનું વિતરણ OTP અથવા અન્ય નક્કી કરેલ માધ્યમથી કરવાનું રહેશે.

(૫) આંગણવાડી કાર્યકર/ તેડાગરે આવેલ જથ્થાની યોગ્ય જાળવણી કરવાની રહેશે.

(૬) મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સોફ્ટવેર સોલ્યુશન મેળવવાનું રહેશે.

(૭) NIC અથવા GIL દ્વારા નોમિનેશનના આધારે અથવા ઓપન પ્રોક્યોરમેન્ટ દ્વારા સોલ્યુશન વિકસાવવાનું રહેશે, જેના માટે GIL કન્સલટન્સી પ્રદાન કરી શકે છે.

(૮) સ્ટેટ ડેટા સેન્ટર હોસ્ટિંગ માટે, મહિલા અને બાળ વિકાસ વિભાગે પ્રસ્થાપીત પ્રક્રિયાઓનું પાલન કરવાનું રહેશે.

## ૩. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ:

(૧) "મુખ્યમંત્રી માતૃશકિત યોજના" ના સુચારૂ અમલીકરણ સારૂ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મધર એન્ડ ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમના અપડેટેડ ડેટાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૨) "મુખ્યમંત્રી માતૃશકિત યોજના" ના હેતુ માટે લાભાર્થી સગર્ભા મહિલા છે કે બે વર્ષ સુધીના બાળકની માતા છે, તેની ઓળખ માત્ર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મધર એન્ડ ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ માધ્યમથી જ કરવાની રહેશે.

(૩) સગર્ભા મહિલા કે બે વર્ષ સુધીના બાળકોની અને તેના માતાની વિગતો વખતો વખત મધર એન્ડ ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમમાં અપડેટ કરવાની રહેશે.

(૪) સગર્ભા મહિલાની નોંધણી, પ્રસૂતિની વિગત, કસુવાવડ, નવજાત અને બાળકના જન્મ અને મૃત્યુની વિગત તારીખ સાથે મધર એન્ડ ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમમાં અપડેટ કરવાની રહેશે.

## ૪. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને National Informatics Centre (N.I.C.):

(૧) "મુખ્યમંત્રી માતૃશકિત યોજના" નાં સોફ્ટવેર તૈયાર કરવા, મેન્ટેન અને નિયમિતપણે અપડેટ કરવાનું રહેશે. "મુખ્યમંત્રી માતૃશકિત યોજના" સોફ્ટવેર માટે સ્ટેટ ડેટા સેન્ટર ખાતે હોસ્ટિંગ અને જરૂરિયાત પ્રમાણે સ્પેસ (Memory) તથા સ્પીડની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગે યુનિક આઇડેન્ટીફીકેશન ઓથોરીટી ઓફ ઈન્ડિયા (યુ.આઇ.ડી.એ.આઇ) સાથે ઇન્ટિગ્રેટ કરી આધાર ઓથેન્ટીકેશન કરાવવામાં સહયોગ આપવાનો રહેશે.

(૩) NIC એ જરૂરિયાત મુજબ સોફ્ટવેરમાં નવા મોડ્યુલ બનાવવા, Training and Handholding, ઉપસ્થિત થતાં પ્રશ્નોનું નિરાકરણ તથા જરૂરી સેવાઓ પૂરી પાડવાની રહેશે.

આ ઠરાવ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે. નિરાલા)
**સચિવ**
**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**પ્રતિ,**

1. માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
2. માન.મંત્રીશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબતોનો અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
3. માન.મંત્રીશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ના અંગત સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર
4. માન.રા.કા મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણ ના અંગત સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર
5. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6. સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર
7. સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
9. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, અને તબીબી શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર
10. નિયામકશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર
11. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ ની કચેરી, ગાંધીનગર
12. નિયામકશ્રી (આઈ.ટી. અને ઈ- ગવર્નન્સ), બ્લોક નં.૨, બીજો માળ, સી અને ડી વિંગ કર્મયોગી ભવન, ગાંધીનગર
13. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, N.I.C., સચિવાલય, ગાંધીનગર
14. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય અન્ન અને નાગરીક પુરવઠા નિગમ લી.
15. સર્વે કલેક્ટરશ્રીઓ.
16. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન...................
17. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
18. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
19. સર્વે જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ.
20. શાખા સિલેક્ટ ફાઈલ.9